IJRAR.ORG E-ISSN: 2348-1269, P-ISSN: 2349-5138

INTERNATIONAL JOURNAL OF RESEARCH AND ANALYTICAL REVIEWS (IJRAR) | IJRAR.ORG

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# "ભાવનગરની ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અભ્યાસ ટેવોનો અભ્યાસ".

A paper will be presented at

Two day National Seminar on AI and education : Opportunities , Challenges and Innovations

Organized by

GOVERNMENT ARTS COLLEGE , VALLABHIPUR

Affiliated to M.K.Bhavnagar University

19-20th January, 2025

By :

PARMAR JANHAVI J.

M.A. student

Department of Psychology

Nandkuvarba Mahila collage

Devarajnager-2 , Bhavnagar

"ભાવનગરની ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અભ્યાસ ટેવોનો અભ્યાસ".

પરમાર જાન્હવી જે.

➢ સારાંશ :

આજના વિદ્યાર્થીઓમાં રહેલી અભ્યાસ ટેવોની તેના જીવનની સિદ્ધિ અને કારકિર્દી પર અસર પડતી હોય છે . ત્યારે પ્રસ્તુત સંશોધનનો હેતુ ભાવનગરના વિદ્યાર્થીઓમાં રહેલી અભ્યાસ ટેવોનો અભ્યાસ કરવાનો છે. જેમાં 2×2 ફેક્ટોરીયલ ડિઝાઇનનો ઉપયોગ કરવામાં આવેલો હતો. સંશોધનમાં કુલ 120 નો નિદર્શ લેવામાં આવ્યો છે.જેમાં 60 સરકારી શાળાના વિદ્યાર્થીઓ (30 છોકરા અને 30 છોકરીઓ )અને 60 ખાનગી શાળાના વિદ્યાર્થીઓ( 30 છોકરા અને 30 છોકરીઓ )એમ નિદર્શ લેવામાં આવ્યો હતો . નિદર્શ માટે યદચ્છ નિદર્શન પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો .પ્રસ્તુત અભ્યાસ માટે પ્રશ્નાવલી નો ઉપયોગ કરવામાં આવ્યો હતો . જેમાં ડૉ. એમ. એલ. જોષી અને ડૉ. હર્ષા આર. પટેલ દ્વારા રચિત અભ્યાસ ટેવો સંશોધનિકાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.. સંશોધનમાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના અને ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અભ્યાસ ટેવો વચ્ચેની સરાસરી અને ટી મૂલ્ય 0.01 અર્થકક્ષાએ સાર્થક છે( t= 4.12 ) . ઉચ્ચતર માધ્યમિક શાળાના છોકરા અને છોકરીઓની અભ્યાસ ટેવો વચ્ચે ની સરાસરી અને ટી મૂલ્ય 0.05 અર્થકક્ષાએ સાર્થક છે(t= 2. 27) સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના છોકરા અને છોકરીઓની અભ્યાસ ટેવો વચ્ચેની સરાસરી અને ટી મૂલ્ય 0.01 અર્થ

કક્ષાએ અસાર્થક છે (t=1.63) . ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના છોકરા અને છોકરીઓની અભ્યાસ ટેવો વચ્ચેની સરાસરી અને ટી મૂલ્ય 0.01 અર્થકક્ષાએ અસાર્થક છે (t=1.83) .

ચાવીરૂપ શબ્દો : અભ્યાસ ટેવ, સરકારી શાળા, ખાનગી શાળા, છોકરા ,છોકરીઓ.

## ➢ પ્રસ્તાવના :

વ્યાવહારિક જીવનમાં આગળ વધવા માટે શિક્ષણ જરૂરી છે. આથી બાળક છ વર્ષનું થાય એટલે તેને પ્રાથમિક શાળામાં દાખલ કરવામાં આવે છે. અભ્યાસ અને શિક્ષણના આધાર પર જ બાળક મોટું થતા પોતાની કારકિર્દી તરફ આગળ વધી શકે છે. પ્રાથમિક શાળામાં બાળકની અભ્યાસ ટેવો ખૂબ વિકસેલી જોવા મળતી નથી,તે જેમ જેમ મોટું થતું જાય તેમ તેમ તેની અભ્યાસ ટેવો વિકસતી જોવા મળે છે અને તે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં પ્રવેશે પછી તેને અભ્યાસ ટેવો બંધાય છે. ઉજવળ ભાવિ માટે ઉચ્ચ શિક્ષણ જરૂરી છે અને વ્યવસ્થિત શિક્ષણ માટે ઉચ્ચ અભ્યાસ ટેવો વિકસવી જરૂરી છે. જે વિદ્યાર્થીઓમાં સારી ટેવો વિકસેલી હોય તેની કારકિર્દી તે ઉજવળ બનાવી શકે છે અને જે વિદ્યાર્થીઓમાં નિમ્ન અભ્યાસ ટેવો વિકસેલી હોય તે ઘણો પાછળ રહી જતો હોય છે.

વિદ્યાર્થી જ્યારે ઉચ્ચતર માધ્યમિક શાળા કક્ષાએ પહોંચે છે, ત્યારે તેની અભ્યાસ ટેવો વિકસવા પર ઘણા પરિબળો અસર કરતા હોય છે . આ પરિબળોમાં શાળાનું વાતાવરણ, શિક્ષણ પ્રણાલી, વ્યક્તિગત રસ અને રુચિ તેમજ શાળામાં આધુનિક ટેકનોલોજી તેમજ કોમ્પ્યુટર પ્રણાલીનો અભ્યાસ માટે થતો ઉપયોગ વગેરેનો સમાવેશ થાય છે . આ રીતે સરકારી અને ખાનગી શાળામાં આ તમામ પરિબળોમાં ભિન્નતા જોવા મળે છે . તેથી સરકારી અને ખાનગી શાળામાં વિદ્યાર્થીઓને અભ્યાસ ટેવો પર આ પરિબળોની અસર થતી હોય છે. આથી પ્રસ્તુત સંશોધન દ્વારા ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અભ્યાસ ટેવોનો અભ્યાસ કરીને બાળકના ભાવિ વિશે વિચારણા કરી શકાય છે અને ભવિષ્યમાં વિદ્યાર્થીઓમાં ઉચ્ચ કક્ષાની અભ્યાસ ટેવો વિકસાવી અને સારી શૈક્ષણિક સિદ્ધિ મેળવી શકે તે માટે જુદા જુદા ઉપાયો હાથ ધરી શકાય છે.

- અભ્યાસ ટેવ :

સામાન્ય અર્થમાં અભ્યાસ ટેવ એટલે શિક્ષણ મેળવવા માટે તેમજ અભ્યાસ કરવા માટે વિદ્યાર્થીઓની શીખવાની ,વાંચવાની રીત અથવા તરાહ, વાંચનનો સમય, વાંચન અને અભ્યાસમાં એકાગ્રતા, ધગશ વગેરે પરિબળોના આધારે અભ્યાસ કરવા માટેનું વિદ્યાર્થીનું સામાન્ય વર્તન અથવા ક્રિયા.

" તે ટેવ નિશ્ચિત છે, જે વ્યવહાર પરિવર્તનથી આવે છે. થોડા સમયની પ્રક્રિયાથી આ પરિવર્તન ચાલે છે. "

- મોર્ગન અને ગિલિનલેન્ડ (1989)

" વિષય વસ્તુ કે લોકો વિશે જાણવા માટે શીખનાર કેવી તરાહને અનુસરે છે અને સમસ્યા કે વિષય પરત્વે પોતાનું ધ્યાન કેવી રીતે પરોવે છે ,તેની લાક્ષણિકતાઓ કે ખાસિયતો . "

- કે.જી. દેસાઈ(1981)

" An act movement or pattern of behaviour that through practice and training has become easy, familiar and rapid may be performed without conscious thought hesitancy or concentration. "

- Carter.V.Good.( શિક્ષણના શબ્દકોશમાં)

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસ ટેવો એટલે વિદ્યાર્થીઓ પરીક્ષા માટે તેમજ શિક્ષણ માટે વાંચન ,ગ્રહણ અને ધ્યાન આપવું વગેરે માટે જે જુદી જુદી તરાહો અપનાવે છે અને તેના આધારે તેની જે ખાસિયતો કે લાક્ષણિકતાઓ છે તે.

➢ સંબંધીત સાહિત્ય સમીક્ષા:

અતીત એમ.ડી. (2018)એ "માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અભ્યાસ ટેવોનો અભ્યાસ" શીર્ષક હેઠળ અભ્યાસ કર્યો હતો.અભ્યાસના હેતુઓમાં 'સરકારી અને ખાનગી માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની અભ્યાસ ટેવોમાં રહેલા તફાવતનો અભ્યાસ કરવો' અને 'માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા સ્ત્રી જાતિના વિદ્યાર્થીઓ અને પુરુષ જાતિના વિદ્યાર્થીઓની અભ્યાસ ટેવોમાં રહેલા તફાવતનો અભ્યાસ કરવો' તેનો સમાવેશ કરેલ હતો.અભ્યાસ માટે 232 વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે લીધા હતા. અભ્યાસ ટેવો અંગે માહિતી મેળવવા માટે ડૉ. એમ. એલ. જોષી અને ડૉ. હર્ષા આર. પટેલ દ્વારા રચિત અભ્યાસ ટેવો સંશોધનિકાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. માહિતીના પૃથ્થકરણ માટે મધ્યક ,પ્રમાણિત વિચલન અને ટી મૂલ્યની આંકડાશાસ્ત્રીય પ્રવૃતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અભ્યાસના તારણોમાં 'ખાનગી અને સરકારી શાળાના વિદ્યાર્થીઓની અભ્યાસ ટેવોમાં કોઇ સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો' .તેમ જ ' સ્ત્રી જાતિ અને પુરુષ જાતિના વિદ્યાર્થીઓની અભ્યાસ ટેવો વચ્ચે પણ કોઇ સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો.'

ગાયકવાડે (1995) "ડાંગ જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની અભ્યાસ ટેવો અને શૈક્ષણિક સિધ્ધિ પર ઘરના વાતાવરણની અસર "શીર્ષક હેઠળ અભ્યાસ કર્યો હતો .તેમણે ડાંગ જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી કુલ 541 વિદ્યાર્થીઓને નમૂનામાં સમાવિષ્ટ કર્યા હતા અને માપન માટે ડૉ. બી. વી .પટેલ રચિત અભ્યાસટેવો સંશોધનિકાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અભ્યાસના તારણોમાં 'અભ્યાસ ટેવો પર જાતિ ,આર્થિક સ્થિતિ અને કુટુંબમાં સભ્યોના શિક્ષણની અસર જોવા મળી ન હતી. '

સેજવાલે (1987 ) "કોલેજના વિદ્યાર્થીઓની અભ્યાસ ટેવો" શીર્ષક હેઠળ અભ્યાસ કર્યો હતો. અભ્યાસના હેતુઓ 'વિદ્યાર્થીઓની સારી અને નબળી અભ્યાસ ટેવોજાણવી અને જાતિના સંદર્ભમાં અભ્યાસ ટેવો વચ્ચે તફાવત શોધવો 'તે હતા. નમુના તરીકે હોસ્ટેલમાં રહેતા ગ્રામ્ય વિસ્તારના આર્થિક રીતે પછાત 50 છોકરાઓ અને 50 છોકરીઓનો સમાવેશ કર્યો હતો. વ્યાપ વિશ્વ 360વિદ્યાર્થીઓનું હતું. તેમાંથી યાદચ્છિક રીતે નમૂનાની પસંદગી કરવામાં આવી હતી .નમૂના પર સંશોધકે પાલસેનની અભ્યાસ સંશોધનિકાનો ઉપકરણ તરીકે ઉપયોગ કર્યો હતો. અભ્યાસના તારણો આ મુજબ જણાયા હતા, છોકરીઓની અભ્યાસ ટેવો છોકરાઓની અભ્યાસ ટેવો કરતા સારી જણાઈ હતી . 91% છોકરીઓમાં અને 81% છોકરાઓમાં અગાઉથી મુદ્દાઓ તૈયાર કરવાની ટેવની ઉણપ જણાય હતી. 50% થી 80% વિદ્યાર્થીઓમાં નોંધ કરવાની ટેવ નો અભાવ જોવા મળ્યો હતો. શીખવાના અને યાદ રાખવાના કૌશલ્યોમાં 60% વિદ્યાર્થીઓમાં અભાવ જોવા મળ્યો. વિદ્યાર્થીઓને અભ્યાસના સમયનું આયોજન અને વાંચન ટેવ ના વિકાસમાં મુશ્કેલી જણાઈ હતી.

➢હેતુઓ :

- સરકારી અને ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અભ્યાસ ટેવોનો અભ્યાસ કરવો..
- ઉચ્ચતર માધ્યમિક શાળાના છોકરા અને છોકરીઓની અભ્યાસ ટેવોનો અભ્યાસ કરવો.
- સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના છોકરા અને છોકરીઓની અભ્યાસ ટેવોનો અભ્યાસ કરવો.
- ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના છોકરા અને છોકરીઓની અભ્યાસ ટેવોનો અભ્યાસ કરવો.

➢ ઉત્કલ્પના:

$HO_1$-સરકારી અને ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અભ્યાસ ટેવો વચ્ચે કોઇ સાર્થક તફાવત નથી.

$HO_2$ -ઉચ્ચતર માધ્યમિક શાળાના છોકરા અને છોકરીઓની અભ્યાસ ટેવો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

$HO_3$ -સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના છોકરા અને છોકરીઓને અભ્યાસ ટેવો વચ્ચે કોઇ સાર્થક તફાવત નથી.

$HO_4$ -ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના છોકરા અને છોકરીઓની અભ્યાસ ટેવો વચ્ચે કોઇ સાર્થક તફાવત નથી.

➢ પરિવર્ત્યો:

1. સ્વતંત્ર પરિવર્ત્યો :

- શાળાનો પ્રકાર (સરકારી - ખાનગી)
- જાતિ( છોકરા- છોકરીઓ)


2.આધારિત પરિવર્ત્યો:

- ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અભ્યાસ ટેવો અંગેના પ્રાપ્ત થયેલા પ્રાપ્તકોનું માપન કરવું.

3.નિયંત્રિત પરિવર્ત્યો:

- નિદર્શ તરીકે માત્ર ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનો જ સમાવેશ કરવામાં આવેલ છે.
- નિદર્શમાં વ્યાપ વિશ્વમાંથી 120 નો જ નિદર્શ લીધેલ છે.
- નિદર્શ માત્ર ભાવનગર તાલુકામાંથી જ લીધેલ છે.
- પ્રશ્નાવલી ભરાવતી વખતે વ્યવસ્થિત સંચાલન દ્વારા પ્રશ્નાવલીના ઉત્તરદાતા સારા નહીં , પરંતુ સાચા ઉત્તરો આપે તેવો પ્રયત્ન કરેલ છે.
- દિવ્યાંગ વિદ્યાર્થીઓનો નિદર્શમાં સમાવેશ કરેલ નથી.


➢ સંશોધન ડિઝાઇન:





➢ નિદર્શ :

1) પ્રસ્તુત સંશોધનમાં વ્યાપ વિશ્વમાંથી નિદર્શમાં 120 ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનો સમાવેશ કરેલ છે.
2) વ્યાપ વિશ્વમાંથી પ્રસ્તુત સંશોધનમાં ભાવનગર પસંદ કર્યું છે ,અહીં વિદ્યાર્થીઓની પસંદગી યદચ્છ પદ્ધતિ દ્વારા કરવામાં આવી હતી .નીચેના કોષ્ટકમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવતું કોષ્ટક રજૂ કરવામાં આવેલું છે .

| શાળાનો પ્રકાર | છોકરા | છોકરીઓ | કુલ |
|---|---|---|---|
| સરકારી | 30 | 30 | 60 |
| ખાનગી | 30 | 30 | 60 |
| કુલ | 60 | 60 | 120 |




અહીં ઉપર જોઈ શકાય છે કે પ્રસ્તુત સંશોધનમાં કુલ 120 નો નિદર્શ લેવામાં આવ્યો છે. તેમાં કુલ 60 સરકારી અને 60 ખાનગી શાળા ના વિદ્યાર્થીઓ લેવામાં આવ્યા છે. તેમાં સરકારી શાળાના 30 છોકરા અને 30 છોકરીઓ અને ખાનગી શાળા ના 30 છોકરા અને 30 છોકરીઓ લેવામાં આવ્યા છે.

➢ સાધનો:

પ્રસ્તુત સંશોધનના હેતુને ધ્યાનેરાખીને સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

- વ્યક્તિગત માહિતી પત્રક:

વિદ્યાર્થીઓની જાતિ અને શાળાનો પ્રકાર જાણવા માટે અને તેને લગતી માહિતી એકત્રિત કરવા માટે વ્યક્તિગત માહિતી પત્રક નો ઉપયોગ કરવામાં આવ્યો.

- અભ્યાસ ટેવ સંશોધનિકા:

પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસ ટેવોના માપન માટે 'અભ્યાસ ટેવ સંશોધનિકા'નો ઉપયોગ કરવામાં આવ્યો છે ,જે ડૉ.એમ .એલ. જોષી અને ડૉ. હર્ષા આર .પટેલ દ્વારા રચાયેલી હતી જેમાં કુલ 50 પ્રશ્નો હતા. જેમાં પાંચ વિકલ્પો હતા .'હંમેશા ','ઘણીવાર','કોઈક વાર ','ભાગ્યે જ ','કદી નહીં' આ વિકલ્પમાંથી કોઈ પણ એકમાં જ જવાબ આપવાનું હતું અને અંતે કુલ સ્કોર શોધવામાં આવ્યો.

➢ સંશોધન યોજના:

પ્રસ્તુત સંશોધનમાં બે પરિવર્ત્યોની સરાસરી વચ્ચેના તફાવત શોધવા માટે 2×2 ફેક્ટોરીયલ ડિઝાઇન નો ઉપયોગ કરવામાં આવ્યો .આ સંશોધન યોજના મુજબ 2×2 (સરકારી શાળા - ખાનગી શાળા ) અને (છોકરા- છોકરીઓ ) એમ નિદર્શ લેવામાં આવ્યો હતો. આમ કુલ 120નો નિદર્શ લેવામાં આવ્યો હતો

➢ સંશોધન પ્રક્રિયા અને અર્થઘટન :

પ્રસ્તુત સંશોધનમાં ઉપયોગમાં લીધેલ સંશોધનિકા ડૉ. એમ. એલ . જોષી અને ડૉ. હર્ષા આર .પટેલ રચિત 'અભ્યાસ ટેવો સંશોધનિકા' અભ્યાસ ટેવોનું માપન કરતી કસોટી છે. આ સંશોધનિકામાં કુલ 50 વિધાનો છે. આ વિધાનો આ તુલામાં વર્ગખંડ ની અભ્યાસ ટેવો ,ઘરની અભ્યાસ ટેવો અને ગૃહકાર્ય એકાગ્રતા ,દરરોજ નિયમિત વાંચન ,પરીક્ષા સમયની વાંચન ટેવો અને ઇતર વાંચન એમ પાંચ પાસા નું માપન કરે છે. જવાબ માટે પાંચ વિકલ્પો આપેલા છે ,અભ્યાસ ટેવ સંશોધનિકાના દરેક વિભાગમાં હકારાત્મક અને નકારાત્મક બે પ્રકારના વિધાનો છે. હકારાત્મક વિધાનો માટે 'હંમેશા', 'ઘણીવાર','કોઈક વાર ','ભાગ્યે જ' અને 'કદી નહીં' માટે અનુક્રમે 5 ,4, 3 ,2 અને 1 જ્યારે નકારાત્મક વિધાન માટે અનુક્રમે 1,2,3,4 અને 5 એ રીતે પ્રાપ્તાંકો આપવાના છે.જેમાં હકારાત્મક વિધાન 1, 2 ,6 ,7 ,9 13 ,15, 17 ,18, 22, 24, 25, 26, 27 ,28 ,32, 34 ,35 ,37, 38, 43 ,44, 45, 46, 47 ,48 એમ કુલ 27 વિધાનો છે અને નકારાત્મક વિધાનો 3 ,4 ,5, 8, 10 ,11 ,12 ,14, 19 ,20, 21, 23 ,29, 30, 31, 33, 36 ,39, 40 ,41, 42 ,49, 50 એમ કુલ 23 વિધાનો છે. આ કસોટીમાં સમગ્ર અભ્યાસ ટેવો માપવામાં આવે છે.

દરેક કસોટીનું અર્થઘટન જુદા જુદા પ્રકારે કરવામાં આવ્યું અને નમૂના ના દરેક વ્યક્તિ પાસેથી જે માહિતી એકત્ર કરવામાં આવી હતી, તે દરેક વ્યક્તિના પ્રાપ્તાંક ઉપર સમજાવેલ પ્રક્રિયા મુજબ જ હતા અને જવાબ પણ તે મુજબ નિદર્શ દ્વારા આપવામાં આવ્યા અને અંતે અભ્યાસ ટેવોનો સ્કોર શોધવામાં આવ્યો અને ત્યારબાદ આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિના ઉપયોગ દ્વારા ગણતરી કરવામાં આવી અને આંકડાશાસ્ત્રીય માહિતી મેળવવામાં આવી.

➢ આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓ:

પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્ત થયેલી માહિતીનું' સ્કોરિંગ ' પ્રમાણે મૂલ્યાંકન કરી , પ્રાપ્તાંકો મેળવવામાં આવ્યા, ત્યાર પછી નીચે પ્રમાણેની આંકડાશાસ્ત્રીય પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો.

• મધ્યક:

મધ્યવર્તી સ્થિતિનું માપ એ નિરીક્ષણોની સંયુક્ત કિંમત હોય છે ,સર્વ નિરીક્ષણોની કુલ કિંમતને નિરીક્ષણોની સંખ્યા વડે ભાગવાથી મળતી કિંમત છે. નિરીક્ષણોનું વિશ્વાસનીય વર્ણન પ્રાપ્ત કરવા મધ્યક નો ઉપયોગ કરવામાં આવેલો છે.

• પ્રમાણિત વિચલન:

નિરીક્ષણના પ્રચાર જાણવામાં અને માપ મેળવવામાં પ્રમાણિત વિચલન પ્રયુક્તિ નો ઉપયોગ કરવામાં આવેલો છે. મધ્યકથી નિરીક્ષણ કેટલું દૂર-નજીક પથરાયેલ છે , તે જાણવા આ પ્રયુક્તિનો ઉપયોગ થાય છે.

- 't' પરીક્ષણ:


બે નિદર્શો વચ્ચે જણાયેલ તફાવતનું બંને સમષ્ટિમાં અસ્તિત્વ રહેલું છે કે કેમ તે નક્કી કરવા માટે જે મધ્યકો વચ્ચેના તફાવતની સાર્થકતા ચકાસે છે ,આ 't'ગુણોત્તર નિદર્શના માપ ઉપરથી સમષ્ટિના માપ વિશે આગાહી કે અનુમાન કરવામાં મદદ કરે છે.

➢ પરિણામ ગણતરી અને ચર્ચા:

- કોષ્ટક નં.1 –

સરકારી અને ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અભ્યાસ ટેવો વચ્ચેની સરાસરી, 't' મૂલ્ય અને સાર્થકતા દર્શાવતું કોષ્ટક:

| શાળાનો પ્રકાર | N | M | SD | 't' મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|
| સરકારી શાળા | 60 | 169.17 | 19.24 | 4.12 | 0.01 Sig. |
| ખાનગી શાળા | 60 | 185.47 | 23.96 | | |





આંકડાશાસ્ત્રીય ગણતરી ના આધારે મળેલ પરિણામ દર્શાવે છે કે સરકારી ઉચ્ચતર માધ્યડમિક શાળા અને ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળા ના વિદ્યાર્થીઓની અભ્યાસ ટેવોનું 't' મૂલ્ય 4.12 છે. જે 0.01 ની અર્થકક્ષાએ સાર્થક છે ,તેથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે ,એટલે કે સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા અને ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અભ્યાસ ટેવો વચ્ચે તફાવત જોવા મળે છે.

- કોષ્ટક નં.2–

ઉચ્ચતર માધ્યમિક શાળાના છોકરા અને છોકરીઓની અભ્યાસ ટેવો વચ્ચેની સરાસરી, 't' મૂલ્ય અને સાર્થકતા દર્શાવતું કોષ્ટક:

| જાતિ | N | M | SD | 't' મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|
| છોકરા | 60 | 172.75 | 22.53 | 2.27 | 0.05 Sig. |
| છોકરીઓ | 60 | 181.88 | 21.65 | | |




જાતિના સંદર્ભમાં છોકરાઓ અને છોકરીઓની અભ્યાસ ટેવોનું 't' મૂલ્ય 2.27 પ્રાપ્ત થાય છે ,જે 0.05 અર્થકક્ષાએ સાર્થક છે ,તેથી "ઉચ્ચતર માધ્યમિક શાળાના છોકરા અને છોકરી ઓની અભ્યાસ ટેવો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી" એવી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે એટલે કે ઉચ્ચતર માધ્યમિક શાળાના છોકરા અને છોકરી ઓની અભ્યાસ ટેવો વચ્ચે તફાવત જોવા મળે છે.

- કોષ્ટક નં.3–

સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના છોકરા અને છોકરીઓની અભ્યાસ ટેવો વચ્ચેની સરાસરી, 't' મૂલ્ય અને સાર્થકતા દર્શાવતું કોષ્ટક:

| જાતિ | N | M | SD | 't' મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|
| છોકરા | 30 | 165.17 | 20.72 | 1.63 | 0.01 Non sig. |
| છોકરીઓ | 30 | 173.17 | 17.19 | | |

અભ્યાસના આધારે પ્રાપ્ત થયેલ પરિણામ પરથી જાણી શકાય છે કે સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના છોકરા અને છોકરીઓની અભ્યાસ ટેવોનું 't' મૂલ્ય 1.63 પ્રાપ્ત થાય છે ,જે 0.01 અર્થ કક્ષાએ અસાર્થક છે, તેથી શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે.એટલે કે સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના છોકરા અને છોકરીઓની અભ્યાસ ટેવો વચ્ચે તફાવત જોવા મળતો નથી.

- કોષ્ટક નં.4–

ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના છોકરા અને છોકરીઓની અભ્યાસ ટેવો વચ્ચેની સરાસરી, 't' મૂલ્ય અને સાર્થકતા દર્શાવતો કોષ્ટક:

| જાતિ | N | M | SD | 't' મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|
| છોકરા | 30 | 180.33 | 21.43 | 1.83 | 0.01 Non sig. |
| છોકરીઓ | 30 | 190.6 | 22.08 | | |

અભ્યાસના આધારે પ્રાપ્ત થયેલ પરિણામ પરથી જાણી શકાય છે કે ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના છોકરા અને છોકરીઓની અભ્યાસ ટેવોનું 't' મૂલ્ય 1.83 પ્રાપ્ત થાય છે, જે 0.01 અર્થકક્ષાએ અસાર્થક છે, તેથી શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે. એટલે કે ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના છોકરા અને છોકરીઓની અભ્યાસ ટેવો વચ્ચે તફાવત જોવા મળતો નથી.

➢ તારણો:

- સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા અને ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અભ્યાસ ટેવો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.
- ઉચ્ચતર માધ્યમિક શાળાના છોકરા અને છોકરીઓની અભ્યાસ ટેવો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

- સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના છોકરા અને છોકરીઓની અભ્યાસ ટેવો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.
- ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના છોકરા અને છોકરીઓની અભ્યાસ ટેવો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.

➢ સંદર્ભ ગ્રંથો:


- Good,C.V.(1976)"Dictionary of Education",(3rd Ed.)New York ;MCG raw Hill Book Company.
- https://shodhganga.inflibnet.ac.in/
- Morgan,C.T.(1957)"How to study ",New York;M.C.Grew Book Company.
- અતીત,એમ.ડી. (2018)"માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અભ્યાસ ટેવોનો અભ્યાસ".Journal of Education-ISSN:2320-0014 continuous Issue-19.
- ઢીલા ,બી.ડી ."સંશોધન પદ્દતિ", અમદાવાદ ,અક્ષર પબ્લિકેશન,978-81-909386-9-3, પ્રથમ આવૃત્તિ,2013.